 Vol. 7, Sp. Issue: 1, February: 2019
(IJRSML) ISSN: 2321 - 2853

# વસાવા લોકનાટ્ય: 'સોગાઢયા'

ડૉ. મુકેશ વસાવા
તુલનાત્મક સાહિત્ય વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.,સૂરત

## ૧. પ્રસ્તાવના

આદિવાસીની ઓળખનો મૂળ આધાર આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા છે, જે સેંકડો વર્ષોથી બહુ જ ઓછા ફેરફાર સાથે આજે પણ પ્રચલીત છે. કદાચ આજે એમા આમૂલ પરિવર્તન આવી રહ્યા છે. થોડા વર્ષોથી સંસ્થાગત રીતે અને વ્યકિતગત રીતે આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા વિશે ગંભીરતાથી સંશોધનો થઈ રહ્યા છે. આદિવાસી સાહિત્ય, કળા, જ્ઞાન પરંપરા વિશે જે હકીકત સામે આવે છે તે ગૌરવનો અનુભવ કરાવે તેવી છે. ગુજરાતમાં, વિશેષ તો દક્ષિણ ગુજરાતમાં વસાવા, ચૌધરી, ગામીત, ઢોડિયા, કુકણા, વારલી, કોટવાળીયા વગેરેની વસ્તી છે. દક્ષિણ ગુજરાત આદિવાસીઓની સંસ્કૃતિ, સાહિત્ય અને પરંપરાનો અમૂલ્ય વારસો ધરાવતો વિસ્તાર છે. બદલાતા જતા સમયની અસર આપણા આ ગૌરવશાળી વારસા પર પણ પડવા લાગી છે.

આદિવાસી એટલે કોણ? એ જણાવતા ઈન્દુકુમાર જાની કહે છે: "આદિવાસી એ એક શબ્દ નથી કે જેનો અર્થ આપવાથી કામ પૂરું થઈ જાય. આદિવાસી તો જીવતી-જાગતી હસ્તી છે; એક સમુદાય છે કે જેની આગવી પરંપરા છે, પહેચાન છે, સંસ્કૃતિ છે." સામાન્ય પ્રજાજન, આદિવાસી એટલે જંગલોમાં કે ડુંગરોમાં રહેતા ભોળા લોકો એવી એની વ્યાખ્યા કરે છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા (આઈ.એલ.ઓ.) એ આદિવાસીઓને મૂળ વતનીઓ તરીકે ઓળખાવ્યા છે. 'આદિવાસી' શબ્દનો પણ એ જ અર્થ થાય છે: 'આદિ-પ્રારંભનું, વાસી-રહેનારું.' જે લોકો દેશના મૂળ નિવાસી કે રહેનાર છે, આદિ નિવાસી છે; તેમને આદિવાસી કહી શકાય. આવા આદિવાસીઓને ઓળખવા માટે બીજા પણ કેટલાક શબ્દો પ્રચલિત છે, જેવા કે ભૂમિજન, ગિરિજન, રાનીપરજ, કાળીપરજ, વન્યજાતિ અથવા વનવાસી વગેરે.

## ૨. ગુજરાતના આદિવાસીઓ

આફ્રિકા પછી આદિવાસીઓની સૌથી વધુ વસતિ ભારતમાં છે. ગુજરાતની વાત કરીએ તો, દર સાત ગુજરાતીએ એક ગરવો ગુજરાતી આદિવાસી છે. ૨૦૦૧ની સાલમાં ભારતની કુલ વસતિ ૧૦૨.૮ કરોડ હતી, ગુજરાતની ૫.૦૬ કરોડ હતી. અનુસુચિત જનજાતિની વસતિ અનુક્રમે ૮.૪ કરોડ અને ૭૪ લાખ હતી, જે રાજયની કુલ વસતિમાં ૧૪.૭૬ ટકા થવા જાય છે. સમગ્ર દેશમાં આદિવાસી જનસંખ્યાની દ્રષ્ટિએ ગુજરાતનો ક્રમ ચોથો આવે છે. ગુજરાતની પૂર્વીય પટ્ટીનો વિસ્તાર જંગલો, પહાડોથી છવાયેલો છે. અંબાજીથી શરૂ કરી, પંચમહાલ, દાહોદ-ગોધરા, વદોડરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને છેક ડાંગ સુધી આદિવાસી પ્રજા વસે છે. એટલે કે ગુજરાતના પૂર્વ વિસ્તારમાં વિશેષ કરીને આદિવાસી વસ્તી છે. ગુજરાતમાં ૪૩ જેટલા તાલુકાઓમાં આદિવાસી વસતિ વહેચાયેલી છે.

ગુજરાતમાં ૨૯ જેટલી જાતિઓ અનુસૂચિત આદિજાતિઓની યાદીમાં આવે છે. એમાં ભીલ, દૂબળા, ધોડિયા, ગામીત, ચૌધરી, રાઠવા, કોંકણા, પટેલિયા, કોટવાળિયા, વારલી, ધાનકા, નાયકડા, પારધી, રાઠવા, કાઠોડી આદિનો સમાવેશ કરી શકાય.

### *૨.૧ ભીલ*

ભીલ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના 'બીલ્લુ' શબ્દમાંથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ બાણ અથવા તીર થાય છે. ભીલો પ્રાચીન કાળથી પોતાની સાથે બાણ રાખતા આવ્યા છે, આને કારણે તેઓ ભીલ નામે ઓળખાયા હોય એવું માનવામાં આવે છે. ભીલોના ઘણા ઉલ્લેખો આપણા પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે. તેમાં રામાયણમાં આવતો શબરીનો ઉલ્લેખ તથા મહાભારતમાં આવતો એકલવ્યનો ઉલ્લેખ જાણીતો છે. સર જોન મૈલ્કામ પોતાના પુસ્તક (Memoirs of Central India) માં ભીલો વિશે કહે છે: 'भील गावो में रहने वाले बड़े ईमानदार और विश्वसनीय होते हैं। वे गावो के चौकीदार बनकर ग्रामवाशियों की रक्षा करते है और सेवाओं के उपलक्ष्य में कुछ जमीन पते हैं। ये ग्राम -निवासी भील अपने उन भाइयो से दूर ही रहते हैं जो पहाड़ो में रहकर अपना जीवन बिताते हैं। ये मदिरा पान के अधिक प्रेमी है..."

મેજર કે.ડી. અર્સકાઈન કહે છે: 'साधारणत: भील उदंड, अनुशासनहीन, चंचल, युद्ध- प्रेमी एवं सहसा उत्तेजित होने वाले है।" ભારતના અનેક ભાગોમાં ભીલોની વસતિ આવેલ છે. મહારાષ્ટ્ર, મધ્યભારત એટલે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં મુખ્યત્વે ભીલોની વસતિ વિશેષ જોવા મળે છે.

### ૩ દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ

દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં આદિવાસીઓની વસ્તી છે. વસાવા જાતિના આદિવાસીઓની વસ્તીની દ્રષ્ટિએ નસવાડી, તિલકવાડા, નાંદોડ, દેડિયાપાડા, સાગબારા, ઝઘડિયા, વાલિયા, સોનગઢ, ઉચ્છલ, નિઝર, માંગરોલ, ઉમરપાડા અને માંડવી તાલુકાઓનો સમાવેશ કરવો પડે. એ જ રીતે ઉત્તર મહારાષ્ટ્રના નંદરબાર જિલ્લાના નવાપુર, અકકલકુવા, શાહાદા, તળોદા વગેરે તાલુકાઓમાં વસાવા જાતિના લોકોનો વસવાટ છે.

સાતપુડાના જંગલોનાં અને નર્મદાથી લઈ તાપીના કિનારાની આજુબાજુ વસવાટ કરતા આ જાતિના લોકોનો સમાવેશ આમ તો ભીલમાં કરવામાં આવે છે. એમને વસાવા, વસાવે, પાડવી, વળવી વગેરેથી પણ ઓળખવામાં આવે છે. ઉમરાપાડા, રાજપીપળા, વાલિયા અને ઝઘડિયા વિસ્તારમાં વસતા લોકો પોતાની જાતને ભગત કે રાજગઢી તરીકે પણ ઓળખાવે છે.

આ વસાવા પ્રજાના રીતિ-રિવાજો, માન્યતાઓ, પરંપરાઓ, રેહણી-કરણી વગેરે ગામીત જાતિને મળતી આવે છે. વસાવા જાતિના લોકોની પોતાની બોલી વસાવા છે. વસાવા બોલીમાં આ લોકો પોતાના ઘર કે ગામમાં વ્યવહાર કરતા જોવા મળે છે. આધુનિકરણનો પ્રભાવ અને રોજગારી, શિક્ષણ, વ્યવસાય કે વિસ્તાપિતો તરીકે આ સમાજના લોકો પણ શહેરી સભ્યતાના સંપર્કમાં મૂકાયા છે. એની પ્રાચીન પરંપરાઓ અને માન્યતાઓ નાશ પામવાના આરે છે. સાતપુડા સહ્યાદ્રિના

ડુંગરો તેમજ નર્મદાના કાંઠાથી લઈને છેક તાપીની ભેખડોમાં હજારો વર્ષથી રહેતા ભીલોની કુળદેવી તે યાહામોગી માતા. માતા દેવમોગરાનું મંદિર દેવમોગરા ગામ (સાગબારા- નર્મદા)માં આવેલ છે. આ આખા પવિત્ર ક્ષેત્રને ભીલો 'દેવરાજ' તરીકે ઓળખાવે છે. આઝાદી પહેલા, બોમ્બે સ્ટેટમાં સમાવેશ પામતા આ સમગ્ર વિસ્તારમાં મિશનરી પ્રવૃત્તિઓ શરૂ થઈ. આ મિશનરીઓએ શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડી. સાથે સાથે પોતાના ધર્મનો ફેલાવો પણ કરતા ગયા. બીજી એક વાત એ પણ નોંધવી યોગ્ય ગણાશે કે આ મિશનરીઓએ પોતાના ધાર્મિક સાહિત્યને અહીંના લોકોની બોલીમાં, ગુજરાતી કે મરાઠી લીપીનો ઉપયોગ કરી અનુવાદિત પણ કર્યું. એક બાજુ આદિવાસી ભીલ-વસાવા જાતિના લોકોને શિક્ષણ અને આરોગ્યની સેવાનો લાભ મળ્યો, તેવો શિક્ષિત પણ બન્યા પણ એના માટે એમને જે કિમંત ચૂકવવી પડી અને પડી રહી છે તે તો ખોટનો જ સોદો કહેવાય. આ કિમંત તે એમની માન્યતાઓ, પરંપરાઓ અને સંસ્કૃતિનું બલિદાન. જેના વિશે હજુ પણ તેવો જાગૃત નથી. અમેરિકાના મૂળનિવાસી રેડ ઈન્ડિયનોની પરંપરા અને સંસ્કૃતિનું નિકંદન તો ફક્ત મિશનરી પ્રવૃત્તિના કારણે જ થયું, પણ અહીંના આ આદિવાસીઓને તો ઘંટીમાં પડતા દાણાઓની જેમ બે બાજુએથી પિસાવાનું છે; એક બાજુ મિશનરી પ્રવૃત્તિઓથી તો બીજી બાજુ મનુવાદીઓની હિન્દુ-કરણની પ્રવૃત્તિઓથી. એના પરિણામો આપણે દક્ષિણ ગુજરાતમાં પોતાની જાતને ખ્રિસ્તી કે હિન્દુ ગણતા-કહેવાતા આદિવાસીઓના કોમી ઝઘડાઓમાં જોઈ પણ લીધા છે.

પ્રત્યેક સમાજને પોતાની પરંપરા, માન્યતાઓ, રહેણી-કરણી, આચાર-વિચાર અને સંસ્કૃતિ હોય છે. આદિવાસી સમાજની વાત કરીએ તો, એમને એમની પોતીકી લોકબોલી, પરંપરાઓ અને સંસ્કૃતિ છે. પોતાના સમાજમાં વ્યવહાર કરવા માટે એવો પોતાની બોલીનો ઉપયોગ કરે છે. આ સમાજનોને પોતાનું લોકસાહિત્ય, લોકનૃત્ય, લોકનાટકો અને લોકગીતો પણ હોય છે. અહીં આપણે જે ચર્ચા કરવાની છે તે છે વસાવા સમાજમાં પ્રચલિત સોગાઢયા પાર્ટીની. વસાવા સમાજમાં પ્રચલિત સોગાઢયા પાર્ટી અને એમના ગીતો સમગ્ર સમાજમાં એટલા જ પ્રખ્યાત, માનીતા-જાણીતા અને લોકજીભે ગવાતા ગીતો છે.

વસાવા જાતિમાં પ્રચલિત આ સોગાઢયા પાર્ટીઓ વર્ષોથી કાર્યરત છે. એમાં કેવડીપાડા નાની-મોટી, સોનારાવાલા, લોયવાલા, અમીયારકર, રાજુ અને સીંગા પાર્ટી, વસંત અને મોજુ સોગાઢયા, બકલઝર, પેચરીદેવી, નવાગામ, ભોવાલી તથા મેવાડયા વગેરે પાર્ટીઓ પ્રચલિત છે. આ સોગાઢયા પાર્ટીને સારા અને નરસા બંને પ્રસંગોમાં કે વ્યકિતગત રીતે પણ ગામમાં બોલાવવામાં આવતી. દેવમોગરા માતાના જાત્રાએ જવાનું હોય, હોબ સાથે જવાનું હોય ત્યારે આગલી રાત્રે સોગાઢયાનો કાર્યક્રમ રહેતો. ગામમાં કોઈ વ્યકિત સ્વતંત્ર રીતે પણ એમને બોલાવે. એ જ રીતે ગામમાં હોળી-દિવાળીના તહેવારો નિમિતે પણ એમને બોલાવવામાં આવેતા. નરસા પ્રસંગની વાત કરીએ તો કોઈ વ્યકિતનું યુવાનીમાં જ અકાસ્મિક અવસાન થયું હોય તો એ વ્યકિતના તીજાયા એટલે કે બારમાં પર (આ કાર્યક્રમ બાર દિવસ પછી જ હોય એ જરૂરી નથી, ગેમ ત્યારે ૧ કે ૨ વર્ષના સમયગાળામાં પોતાની સગવડ પ્રમાણે રાખી શકાય.) જે ખાંબ (લાકડા કે પત્થરની મૂર્તિ) મૂકવાનો રિવાજ છે. આ ખાંબ મૂકવાના પ્રસંગે પણ આગલી રાત્રે સોગાઢયા પાર્ટી બોલાવવામાં આવતી. સમગ્ર વિસ્તારમાં ભરાતા વિવિધ મેળાઓમાં પણ સોગાઢયા પાર્ટીઓ પોતાનો કાર્યક્રમ રજૂ કરતી. આ સોગાઢયા પાર્ટીઓ રાત્રે ૧૨ કે ૧ વાગ્યાથી શરૂ કરી સવાર સુધી પોતાની કાર્યક્રમ રજૂ કરે. એમાં રોડાલી અને સોગ એટલે કે કોઈ કથા રજૂ કરાતી હોય. મોટે ભાગે હાસ્ય, શૃંગાર, અભદ્ર અને કરુણ રસનું પ્રાધાન્ય રહેતું હોય. સ્વતંત્ર રીતે સોગાઢયા પાટી બોલાવનાર જે જગ્યાએ સોગાઢયા પાર્ટીનો કાર્યક્રમ રજૂ થવાનો હોય ત્યાં પોતાની દુકાન રાખે જેમાં

ચા-નાસ્તાની સાથે સાથે મહુડાનો દારૂ અને અંગ્રેજી દારૂનું વેચાણ થાય. એ સાથે જ જુગાર રમવાની મંડળીઓ પણ ચાલે, જેમાંથી પાર્ટી બોલાવનારને પોતાની આવક થઈ શકે.

આ પાર્ટી ૧૫ થી ૨૦ જેટલા સભ્યોની બનેલી હોત. કલાકારો બધા પુરુષ હોય, સ્ત્રીનો રોલ પણ પુરુષો જ ભજવે. ૧૨ કે ૧ વાગ્યાથી શરૂ કરી સવાર સુધી ચાલતા આ નાટ્ય કાર્યક્રમની શરૂઆત દેવમોગરા માતાની આરતી કરીને કરવામાં આવે. રંગમંચ ખુલ્લી જગ્યાએ ખેતરોમાં બનાવવામાં આવે. (ચોરસ ઓટલી) આવા કાર્યક્રમો ચોમાસા બાદ શિયાળામાં જ શરૂ થાય, શિયાળામાં પણ ખેતરનો પાક ખળે કે ઘરે પહોચતો હોય, ખેતરો ખાલી થતા હોય ત્યારે જ. રંગમંચ ત્રણે બાજુ ખુલ્લો હોય, પ્રેક્ષકો ત્રણ બાજુ બેસીને કાર્યક્રમ (નાટક) જોઈ શકે. પહેલા તો નજીકમાં જગ્યા રોકવા લોકો પોતાનું પાથરણું કે ખાટલો બપોરના સમયથી જ રંગમંચની આજુબાજુ ગોઠવી આવે.

સવાર સુધી ચાલતા આ નાટ્ય કાર્યક્રમમાં સવાર સુધી બે થી ચાર જેટલા સોગ રજૂ થાય. આ સોગ તે જ નાટકની કથા. કથામાં મુખ્યત્વે દેવમોગરા માતાની દંતકથાઓ, સમકાલીન આદિવાસી સમાજના પ્રશ્નો, પરંપરાઓ, રીતિ-રિવાજો, અંધશ્રદ્ધાઓ, દૂષણો કે પ્રસંગને અનુરૂપ વાર્તા-સામગ્રી હોય. હાસ્ય, કરુણ અને શૃંગાર રસથી દર્શકો તરબોળ થતા હોય. એક સોગ પૂર્ણ થયા બાદ રોડાલી ગીત રજૂ કરવામાં આવે. રોડાલીના સંગીતમાં વેગ હોય, ઉમંગ હોય. સાંભળતાની સાથે જ પગ થનકવા લાગે. શરીરમાં જાણે નવી ઉર્જાનો સંચાર થાય. ગમતી અને માનીતી રોડાલીઓ ફરી ફરી રજૂ કરાવવા ફરમાઈશો થાય. આ સોગાઢયા પાર્ટીના વાંજિત્રોમાં વાજાપેટી, તબલા, ઢોલગી ઝાંઝ અને ટીબરીનો ઉપયોગ થાય. વર્તમાન સમયમાં વાજાપેટીને સ્થાને કેસીયોનું ચલણ ખરું. પહેરવેશમાં મોટેભાગે સ્ત્રીઓ પહેલા તો પરંપરાગત પોશાક પહેરતી, પછીથી સાડીનો ઉપયોગ થવા લાગ્યો અને હવે તો પંજાબી ડ્રેશ કે જીન્સ પણ સ્ત્રી કલાકારો પહેરે. આદિવાસી સ્ત્રીઓના પરંપરાગત અલંકારોનો પણ ઉપયોગ થાય. પુરુષ મોટેભાગે પેન્ટ-સર્ટ પહેરે. કલાકારોમાં નાયક, નાયિકા, સહ નાયક-નાયિકા હોય. રંગલાની જેમ હાસ્ય કલાકાર પણ ખરો જ.

આધુનિક સંચારક્રાંતિ અને દ્રશ્ય-શ્રાવ્ય સમૂહ સંક્રમણના સાધનોનો ઉપયોગ કરી આ સોગાઢયા પાર્ટીઓ પોતાના નાટ્ય કાર્યક્રમને રેકોડીગ કરી સીડી-ડિવીડી બનાવી પોતાનું કાર્ય કરી રહી છે. પણ બદલાતા સમય સંજોગોમાં એમનો દર્શક વર્ગ ઘટવા લાગ્યો છે. દ્રશ્ય-શ્રાવ્ય સમૂહ સંક્રમણના સાધનોનો જમાવડો હવે તો ઊંડાણના ગામડાઓ સુધી પણ પહોંચ્યો છે. જેથી કરીને લોકોને મનોરંજન માટે બીજા નવા સાધનો અને વિકલ્પો હાથવગા થયા હોવાથી આવી પાર્ટીઓ વિનાશ થવાને આરે છે. બીજી બાજુ ખ્રિસ્તીકરણ અને હિન્દુકરણનો પ્રભાવ વધતા એમની પરિસ્થિતિ વિકટ બની છે. ભણેલ-ગણેલ શિક્ષિત યુવાવર્ગ એમની તરફ તુચ્છ ભાવે જોઈ છે. સોગાઢયા કાર્યક્રમો જોવા-સાંભળવા કે એના વિશે ચર્ચા-વિચારના કરવામાં પણ આજનો આદિવાસી વસાવા યુવાન શરમ-સંકોચ-નાનમ અનુભવે છે.

આમ, પરિવર્તનની અનેક થાપડો અને માર ઝિલી રહેલા સોગાઢયા પાર્ટીઓ પોતાના અસ્તિત્વ અને અસ્મિતાની સાથે સાથે આદિવાસી સમાજના અસ્તિત્વ અને અસ્મિતા માટે ઝઝૂમી રહ્યા છે. ખરેખર જોઈએ તો આ સોગાઢયા પાર્ટીઓ આદિવાસી સમાજ, પરંપરા, સંસ્કૃતિ અને બોલીને ટકાવી રાખનારા હિત-રક્ષકો છે. આદિવાસી બોલી, પરંપરા, સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અને એને ટકાવી રાખવામાં એમનો અનન્ય ફાળો હતો, છે અને રહશે.

જયારે ધરતી પરથી અંતિમ આદિવાસી પણ મરી જશે, ત્યારે આ સમુદ્ર તટ, અને આ ઘનઘોર જંગલ, અમારા લોકોના આત્માને સાચવી રાખશે. એમાનો જ કોઈ:

સાતપુડાના જંગલોને તાપીની ભેખડોમાં ફરતા કોઈવાર અશ્વથામાની જેમ, વર્ષોથી ભટકતી કોઈ સોગાઢયાની આત્મા સામે મળતા મને પૂછી બેસ સે.....

કાય રા ઓલ્ખૂ તો-હ કા?

નકારામાં માથું હલાવતા મારે સામે પૂછવું પડશે, તમે કોણ? તમે કોણ? તમે કોણ?

**સંદર્ભસૂચિ**

૧. જાની, ઈન્દુકુમાર: આદિવાસી-પર્વ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
૨. શાહ, વિમલ: ગુજરાતના આદિવાસીઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
3. જાની, ઈન્દુકુમાર: આદિવાસી-પર્વ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
૩. દેવી, ગણેશ: 'આદિવાસી જાણે છે!' ભાષા સંશોધન કેન્દ્ર, તેજગાઢ.
૪. સર જોન મૈલ્કામ પોતાના પુસ્તક: (Memoirs of Central India) 1880.
૫. જૈન, શ્રીચન્દ્ર: વનવાસી ભીલ ઔર ઉનકી સંસ્કૃતિ, રોશનલાલ જૈન એન્ડ સન્સ, જયપુર.
૬. વસાવા, લાલુભાઇ એસ: ભીલો કા તેજસ્વી ઈતિહાસ, ટ્રાઈબલ રીચર્સ સેન્ટર ઓફ ઈન્ડિયા, આહવા.
૭. વસાવા, લાલુભાઈ: આદિવાસી સંસ્કારો, યાહામોગી શોધ સંસ્થા, આહવા.
૮. R.E. Enthoven: The Tribes and Castes of Bombay, Cosmo Publications Delhi.
૯. Tribes of India- II.

મુકાલાતો : (માહિતી દાતાઓ)
(૧) વીરસિંગભાઈ વસાવા (ભડભુંજા, ઉચ્છલ, ગુજરાત)
(૨) રૂવાજીભાઈ વસાવા (ખાબદા, ઉચ્છલ, ગુજરાત)
(૩) કમ્લેશભાઈ વળવી (ખાબદા, ઉચ્છલ, ગુજરાત)
(૪) પાનાજીભાઈ વસાવે (ચીચંપાડા, નવાપુર, મહારાષ્ટ્ર)
(૫) બારીયાભાઈ વસાવે (કેવડીપાડા, નવાપુર, મહારાષ્ટ્ર)